**અમદાવાદના મહે. ચોથા અધિક સીવીલ જજ તથા જે.એમ.એફ.સી.ની કોર્ટમાં, અમદાવાદ (ગ્રામ્ય),**

**ફોજદારી કેસ નંબર 12797/2023**

**આંક:-**

ફરીયાદ :- શ્રી સરકાર

**// વિરુદધ//**

આરોપી :-

બાબત :- ભારતીય દંડ સંહિતાની કલમ – ૨૮૩ મુજબ

---

**// ચુ કા દો //**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ – ૨૮૩ મુજબ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે અને ચાર્જરીટને ફોજદારી કેસ નંબર આપવામા આવેલ.

(૨) આરોપી ને સમન્સ કરતા કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપવાની ખાત્રી કરેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા ગુના કબુલાત અંગે પુછતા તેઓ ગુનાની કબુલાત કરતા હોઈ તેઓની ગુના ની કબુલાત પુરસીસ રેકર્ડ કરી અને તેમાં તેઓએ જણાવેલ છે કે,તેઓને ગુનો સ્વેચ્છાએ કબુલ કરે છે. તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓ કોઈ પણ જાતની ધાક ધમકી કે દબાણ વગર ગુનો કબુલ કરે છે અને તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે.આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે. આરોપીની કબુલાત કરતા હોય અનેઆરોપીના ઉપરોકત સંજોગો જોતાં દોષિત ઠરાવી અને આરોપી દંડની સજા કરવી વાજબી જણાતી હોય ન્યાયના હિતમા નીચે મુજબ હુકમ કરૂ છું.

**// હુ ક મ//**

(1) આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ રપર અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ – ૨૮૩ અન્વયેના ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપી ને રૂપિયા ૧૦૦ /– ( શબ્દોમા અંકે સો રૂપિયા પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે જો દંડ ન ભરે તો દિન – 2 ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૦૯ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૩ ના રોજ મેજીસ્ટ્રેટની ખાસ સીટીંગમા જાહેર કર્યો.

(એસ.પી.ચોપરા)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
અમદાવાદ(ગ્રામ્ય)
U.I.CODE GJ 01377

તારીખઃ– ૦૯/૦૯/૨૦૨૩
સ્થળઃ– અમદાવાદ(ગ્રામ્ય)